કૃપાકરી પ્રસિધ્ધી માટે                                                                   ૨૬ માર્ચ ૨૦૦૯

**ભાજપનાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટીએ ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘમાંના ભાજપ- શિવસેના અને મિત્રપક્ષનાં ઉમેદવાર શ્રી રામ નાઈક નાં ચૂંટણી પ્રચાર અભિયાન બાબતે લીધેલ પત્રકાર પરિષદમાં ગુરૂવાર ,૨૬ માર્ચ ૨૦૦૯ ના પ્રસિધ્ધ કરેલ અખબારી યાદી**

**મુંબઈ,ગુરૂવાર :**"ભાજપ-શિવસેના યુતિ ફરી એક વખત ઉત્તર મુંબઈ ખાતે ઈતિહાસ રચશે અને પ્રચંડ મતાધિકયે યુતિનાં ઉમેદવાર શ્રી રામ નાઈક નો વિજય થશે",તેવો વિશ્વાસ ભાજપ મુંબઈનાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટીએ વ્યકત કર્યો છે.ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘમાંના ઉમેદવાર અને જયેષ્ઠ ભાજપ નેતા શ્રી રામ નાઈક ના ચૂંટણી પ્રચાર અભિયાનની માહિતી આપવા માટે બોલાવેલ પત્રકાર પરિષદમાં શ્રી શેટ્ટી બોલી રહ્યાં હતાં.

"૧૯૭૮ થી બોરીવલીથી ત્રણવેળાં વિધાનસભામાં અને ત્યારબાદ સળંગ પાંચ વેળાં લોકસભામાં ચૂંટાઈ આવેલાં શ્રી રામ નાઈક જ મતદાર સંઘનો બુલંદ અવાજ સાર્વભૌમ લોકસભા સમક્ષ પહોંચાડી શકે છે.લોકસેવા કરનાર જ લોકસભામાં હોવા જોઈએ એ હવે ઉત્તર મુંબઇનાં સમજુ મતદાર જાણે છે.આ મતદારોને મતદાનનું આવાહ્ન કરવા માટે આવતીકાલના ગુડી પડવાનાં મુહુર્તે અમે ઉત્તર મુંબઈમાં ઘરેઘરે જઈ પ્રચાર પ્રારંભ કરી રહ્યાં છીએ," તેમ પણ શ્રી શેટ્ટીએ આ પ્રસંગે કહ્યું હતું.

પ્રચારનાં પહેલાં તબકકામાં સંપૂર્ણ મતદાર સંઘ **પરિવર્તન રથ** અને **રામ નાઈક રથ** પરથી પીંઝી કાઢવામાં આવશે તેવી માહિતી પણ આપ્રસંગે શ્રી ગોપાળ શેટ્ટી એ આપી છે.પત્રકાર અને કાર્યકર્તાઓની ઉપસ્થિતીમાં જ શ્રી રામ નાઈક ના ચૂંટણી પ્રચાર માટે ઉપયોગમાં આવનારાં **પરિવર્તન રથ** અને **રામ નાઈક** રથ આ બંન્ને વાહનો નું ઔપચારિક ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું.અતિશય પ્રભાવી લાગનારાં આ બંન્ને રથ પર ભાજપનાં જયેષ્ઠ નેતા શ્રી અટલ બીહારી વાજપેયી અને શ્રી લાલ કૃષ્ણ આડવાણી નાં તેમજ શિવસેના પ્રમુખ શ્રી બાળા સાહેબ ઠાકરે ના ભવ્ય ફોટાઓ  છે.સ્વયં શ્રી રામ નાઇકનાં ભવ્ય ફાટાવાળો આ રથ જે **લોકસેવામાં તેજ લોકસભામાં** તેવું આવાહ્ન કરે છે.કોઇ પણ પ્રકારનો રાજાશાહી ઠાઠ ન હોવા છતાંયે,ટેકનીકના અગ્રતાક્રમે ઉત્તમ દરજજાનાં છે."પોતે શ્રી રામ નાઈક મોટે ભાગે **પરિવર્તન રથ** પરથી પ્રચાર કરશે,અને હું અને ઉત્તર મુંબઈ નાં નગરસેવકો અને ભાજપ શિવસેનાના સ્થાનિક નેતાઓ **રામ નાઈક રથ** પર પ્રચાર કરશે",તેવી માહિતી આ પ્રસંગે શ્રી ગોપાળ શેટ્ટીએ આપી હતી.

ભાજપ ઉત્તર મુંબઈનાં ઉપાધ્યક્ષ શ્રી રામ જોરાપૂરકર નો ગાડીઓની સજાવટનો વ્યવસાય છે.શ્રી જોરાપૂરકર ની **ત્રિકાયા ઑટૉ એકસિલરી પ્રા.લિ.**ની કંપનીમાં જ તેને કારણે આ બંન્ને રથ તૈયાર કરવામાં આવ્યાં છે.**પરિવર્તન રથ** મહિંદ્રા ના **બૉલૅરો પિક અપ્ ગાડી** પર અને **રામ નાઈક રથ** ટાટા ની એસ ગાડી પર ઉભા કરવામાં આવેલ છે.રથમાં મુખ્યપણે માઈકવ્યવસ્થા,પ્રભાવી પ્રકાશ વ્યવસ્થા,નેતા કાર્યકર્તા ને ઉભા રહેવાની જગ્યા,અભિવાદન માટે મતદારોને ચડવા ઉતરવાની સગવડદાયક વ્યવસ્થા પર ધ્યાન રાખવામાં આવ્યું છે." આ બંન્ને રથ તરફ મતદારો તો આકૃષ્ટ થશે જ પણ કાર્યકર્તાઓનો પણ કામનો ઉત્સાહ વધશે",તેવો મત શ્રી ગોપાળ શેટ્ટીએ વ્યકત કર્યો હતો.

રથ પરથી મતદારોનો સંર્પક કરતી વેળાં મતદારોને મરાઠી,હિંદી,ગુજરાતી અને ઈંગ્લિશ એમ ચાર ભાષાનાં એકસાથે નાના પત્રકો વિતરિત કરવામાં આવશે.**ચાલો પરિવર્તન લાવીએ, જે લોકસેવામાં તેનેજ લોકસભામાં પાઠવો** તેવું આવાહ્ન આ પત્રક મારફતે કરવામાં આવેલ છે.અને તેમાંજ શ્રી રામ નાઈક એ **ઉત્તર મુંબઇનો બુલંદ અવાજ** તેમ પણ પત્રકમાં કહેવામાં આવ્યું છે.

ઉકત પત્રકાર પરિષદમાં ઉમેદવાર શ્રી રામ નાઈક તેમજ તેમનાં ચૂંટણી પ્રમુખ અને ઉત્તર મુંબઈ નાં અધ્યક્ષ શ્રી યોગેશ સાગર અને શિવસેના વિભાગ પ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકર પણ ઉપસ્થિત હતાં." મતદાર સંઘમાં મારી સાચી ઢબે ચાલેલી લોકસેવા,જનઆંદોલનો,ઉપલબ્ધતા ને કારણે મતદારો એ ફરી એક વખત મોટા મતાધિકયે મને લોકસભામાં મોકલાવવો" તે મુજબનું આવાહ્ન શ્રી રામ નાઈકે આ પ્રસંગે કર્યું છે.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મોચાઈલ : 9867689540**